જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૦૨/૨૦૧૭ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૩૨/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૮ કેસ કરી, ૩૬ વ્યક્તિઓને ઝડપી, ૬૧ લીટર દેશી દારૂ, ૫૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૮ બિયર ટીન, ૧ કાર, ૧ મોટર સાયકલ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૦,૮૧૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૩૩/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### છેતરપીંડી/ચોરીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૩૩૪/૧૭

**ખોખરાઃ અનીલ નિલકંઠભાઈ સીરસીકર (ઉ.વ.૩૬) (રહે. રાધા કિશનગર વિભાગ-૪ હાટકેશ્વર) એ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૧/૧૭ થી તા.૫/૨/૧૭ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી ઈંદુબહેન ઉર્ફે પુનમ તે મધુ પીમ્પલેકની પુત્રી (ઈંદુબાઈ સુભાસભાઈ પારધી) (રહે. ગામ.સાદગાવ તા-જી.નાસીક) તથા અન્ય પાંચ વ્યક્તિઓએ ભેગા મળી** લગ્ન કરવાનુ કાવતરુ કરી અનિલભાઈ પાસેથી સોનાનુ મંગલસુત્ર,કાનની બુટ્ટી,નાકની ચુની,સોનાની બંગડી,ચાંદીના ઝાઝર અને રોકડ રૂપિયા ૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૧૦,૦૦૦/- લઈ પલાયન થઈ ગયા હતા. આ ગુનાની તપાસ **પો.સ.ઈ.શ્રી એલ.જે.વાળા ચલાવે છે.**

**કાલુપુરઃ ઇમ્તીયાઝ એહમદભાઇ દિલ્લીવાલા (રહે.પ્રભુતાપાર્ક સોસાયટી એન.આઇ.ડી પાસે પાલડી) એ તા.૧૬/૨/૧૭ નારોજ કાલુપુર પોલીસ સ્ટેશન ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૨/૧૭ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી ઝૈદ હિફ્જુરરહેમાન હવાલાવાલા (રહે. નવી મહોલ્લાત ચોકમાં કાલુપુર) એ કાલુપુર મકેરીવાડ સામે નગીના મસ્જીદની બાજુમાં આવેલ હોટલ કિનારા ઇનમાંથી ઇમ્તીયાઝ દિલ્લીવાલાના ચેક લઈ જઈ કુલ રૂપિયા ૧,૧૫,૦૦૦/- ઉપાડી લઈ છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી રોહિતસિંહ લક્ષ્મણસિંહ ચલાવે છે.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૩૩૫/૧૭**

**ઓઢવઃ શંકરભાઇ રામભાઇ પટેલ (રહે. અમરનાથ વિલા માધવફાર્મની બાજુમા એલીજગંજની પાછળ એસ.પી.રીંગરોડ પાસે સિંગરવા ઓઢવ)** એ તા.૧૬/૨/૧૭ નારોજ **ઓઢવ** પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે. **તા.૧૧/૨/૧૭ કલાક ૬/૦૦ થી તા.૧૫/૨/૧૭ કલાક ૮/૩૦ વાગ્યા દરમ્યાન** પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી **સોનાની બંગડી, સોનાની ચેઈન, એક બુટી, એક જોડી કડી અને રોકડ રૂપિયા ૩૦,૫૦૦/- મળી કુલ રૂપિયા ૯૦,૫૦૦/- મતાની ચોરી** કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી **મુકેશસિહ જગરૂપસિહ** ચલાવે છે.

**સોનાનુ પેંડલ ખેંચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૩૩૬/૧૭**

**સરદારનગરઃ** વિણાબહેન વા/ઓફ શ્યામભાઈ હોતલાણી (ઉ.વ.૬૭) (રહે. વિષ્ણુપાર્ક સોસાયટી ભાગ્યોદય ટેનામેન્ટ નરોડા) તા.૧૬/૨/૧૭ કલાક ૧/૩૦ વાગ્યાના સુમારે ભાગ્યોદય સોસાયટી નરોડા બેઠક નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ (૨૫ થી ૩૦ વર્ષના આશરાના) બે પુરૂષ વિણાબહેનના ગળામાંથી સોનાનુ પેંડલ કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ વિણાબહેન હોતલાણીએ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી.પી.જે.ખરસાણ ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૩૩૭/૧૭**

ઘાટલોડીયાઃ દેવારામ તેજાજી પ્રજાપતિ (રહે. મુરલીધર આવાસ સી.પી.નગર ચાર રસ્તા પાસે ઘાટલોડીયા) એ તા.૧૬/૨/૧૭ નારોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૨/૧૭ રાતના ૧૧/૦૦ વાગ્યાથી તા.૧૪/૨/૧૭ સવારના ૮/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના રહેણાંક નજીક પાર્ક કરેલ મહીન્દ્રા કંપનીના બોલેરો પીકઅપ ડાલા નંબર (૧) જીજે ૧ ડીઝેડ ૪૮૭૨ અને (૨) જીજે ૧ ડીએક્સ ૭૬૩૩ મળી બન્નેની કિમત રૂપિયા ૧,૯૫,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી કમલેશભાઇ કાળાભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૩૩૮/૧૭**

શહેરકોટડાઃ **સુધીલાબહેન સીમોતભાઇ ખ્રિસ્તી (ઉ.વ.૫૩) (રહે.રમણભાઇ ડાહ્યાભાઇની ચાલી સીટી ગોલ્ડ સીનેમા સામે અનીલ રોડ સરસપુર) એ અગમ્ય કારણસર તા.૧૬/૨/૧૭ કલાક ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે મચ્છર મારવાની દવા પી લીધી હતી. સારવાર માટે શારદાબેન હોસ્પીટલમાં લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ સુધીલાબહેનને મૃત જાહેર કર્યા હતા. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઇ શંકરભાઇ ચલાવે છે.**

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)